સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

હાઈકુ

પથ્થર નો માર ખાઈ કાશ્મીરમાં નમી ગયા!
મતની મોસમમાં 'આશાઓ'ને પણ ગમી ગયા
સમ સમ ખૂલી ગઈ ખાલી ગુફા અલીબાબાની
કરોડોના પેકેજે પાટીદારો પણ ભમી ગયા?!
(જીએસટીનાં ઝેર અમી થઈ ગયાં?)

આવ્યો ઉભરો ?
વાત્સલ્ય પૂર્વકની -
વાતચીતનો ?!
(દિનેશ શર્મા - બોર્ડની રચના)

પીવાં પડશે
ઝેર તો જાણી જાણી
ચૂંટણી ટાણે...
(ઝૂકતી સરકાર)

ચિંતન

અહિ નૃપં ચ શાર્દૂલં કિટિં બાલંક તથા ।
પરશ્વાનં ચ મૂર્ખ ચ સપ્ત સુપ્તાન ન બોધયેત્ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

સાપ, રાજા, સિંહ, સૂવર, બાળક, બીજાનું કૂતરું અને મૂર્ખ વ્યક્તિ - આ સાત સૂતેલાં જ સારા, તેમને જગાડવા નહીં.

અચાનક છંછેડાઈને જાગી ઊઠેલો સાપ કરડી બેસે છે, તેવી જ રીતે રાજા ને ગાઢ નિંદ્રામાંથી જગાડવામાં આવે તો રાજા દંડ પણ કરી શકે છે. સિંહ જેવા હિંસક પ્રાણીઓને જો ઊંઘમાંથી જગાડવામાં આવે તો તે હુમલો કરી બેસે છે. સૂતેલા બાળકને જગાડવામાં આવે તો રડી રડીને બેહાલ થઈ જાય છે. બીજાના પાળેલા શ્વાન અજાણ્યાને જોઈ હંમેશા ભસતા જ રહે છે એટલે તેઓ સૂતા હોય તો તેમને સૂતા જ રહેવા દેવા જોઈએ. જ્યારે મૂર્ખ વ્યક્તિ હંમેશા કામને બગાડતી રહે છે એટલે એ ન જાગે તે જ ઉત્તમ.

સુવિચાર

- સ્વચ્છતા એ સ્વસ્થ માનસિકતાની પ્રાથમિક નિશાની છે - **જનકલ્યાણ**
- નકારાત્મક થવું એ તમારો પોતાનો નિર્ણય હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પરખતા તો વક્ત હૈ, કભી હાલાત કે રૂપમેં, કભી મજબૂરીયોં કે રૂપમેં...
  ભાગ્ય તો બસ આપકી કાબિલિયત દેખતા હૈ - **સમયસૂત્ર**
- હું કશું જ બનવા નથી માંગતો, માત્ર માણસ બનવા માંગુ છું,
  જો હું માણસ બનવામાં નિષ્ફળ જઈશ તો બધામાં નિષ્ફળ જઈશ - **ગાફીલ્ડ**
- હે ઈશ્વર !! જીવનની પ્રયોગશાળામાં વાણી બરાબર વિચારનો પ્રયોગ
  કરવામાં હું સફળ બનું - **પ્રાર્થના સૂત્ર**
- મૌનની ગંગાના પ્રવાહમાં મેલા શબ્દો મોંમાંથી નીકળતા નથી - **વિમળા ઠાકર**
- આજનું ઔષધ : ચોખાના ધોવાણમાં જાયફળ ઘસીને પીવાથી ઉલ્ટી-ઉબકા મટે છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

સરદાર વલ્લભભાઈ, વિઠ્ઠલભાઈને સૌથી મોટા નરસિંહભાઈ. ત્રણ ભાઈ હતા. એમના પિતા ઝવેરભાઈનું ૧૯૧૪માં અવસાન થયું. નરસિંહભાઈએ શાસ્ત્રોક્ત વિધિ પિતાનું ઉત્તરક્રિયા કરવાનું તથા આખું ગામ જમાડવાનું નક્કી કર્યું.

પરંતુ વલ્લભભાઈ તથા વિઠ્ઠલભાઈ જ્ઞાતિના આવા ખોટા ખર્ચા કરાવનારા કુરિવાજોમાં માનતા ન હતા. એમણે મોટાભાઈ નરસિંહભાઈને બારમું કરવામાં કે જમણવાર કરવામાં પૈસા વાપરવા કરતા સામાજિક ઉદ્ધારમાં કે સેવાના કામમાં પૈસા વાપરવા સમજાવ્યા. પણ રૂઢિચુસ્ત નરસિંહભાઈ ન જ માન્યા અને બોલ્યા, 'જો તમે બે ભાઈઓ બાપુજીની ઉત્તરક્રિયામાં ભાગ નહીં લો અને ખર્ચમાં તમારો હિસ્સો નહીં આપો તો બાપી કી મિલ્કત પરનો તમારો સઘળો હક જતો કરવો પડશે અને એક પાઈ સુદ્ધાં નહીં મળે.'

વલ્લભભાઈ - વિઠ્ઠલભાઈએ હક ખુશી થી જતો કર્યો અને પિતાના બારમામાં પણ હાજર ન રહ્યા.

શ્રદ્ધા પણ વિજ્ઞાનયુક્ત હોવી જોઈએ

તંત્રીસ્થાનેથી...

ઉજ્જૈનને ભગવાન મહાકાલની નગરી તરીકે ઓળખવામાં આવે છે. એમ તો એ પરાક્રમી રાજા વિક્રમની અને ભોજ રાજાની તેમજ મહાકવિ કાલિદાસની નગરી પણ ખરી સ્તો. પરંતુ મહાકાલ ઉજ્જૈની નગરીના કાયમી રાજા છે અને સદીઓથી નગરમાં એમની વાજતેગાજતે પોલીસ બેન્ડ સાથે સવારી પણ નીકળે છે. વિશ્વપ્રસિદ્ધ બાર જ્યોર્તિલિંગો પૈકી ઉજ્જૈન સ્થિત મહાકાલેશ્વરનું સ્વયંભૂ જ્યોતિર્લિંગ બાકીનાં જ્યોર્તિલિંગોથી એના વિશિષ્ટ દોરદમામને કારણે જુદું પડે છે. આ જ્યોર્તિલિંગની અભિષેક વિધિમાં જળ ઉપરાંત પંચામૃતનો ઉપયોગ થતો રહ્યો છે. વળી એની ભસ્મ આરતી પણ એને અન્ય જ્યોતિર્લિંગોથી જુદું તારવી આપે છે. મહાકાલના જ્યોતિર્લિંગ પર અભિષેક કરવો અને ભસ્મ આરતી ટાણે હાજરી આપવી એ કોઈ પણ શિવભક્ત માટે જીવનનો લહાવો ગણાય છે. પરંતુ સદીઓથી પૂજાતા અને અભિષેક કરાતાં સ્વયંભૂ લિંગને પણ પદાર્થ વિજ્ઞાન અને રસાયણશાસ્ત્રના નિયમો તો અસર કરવાનાં જ. સ્વયંભૂ જ્યોતિર્લિંગ વરસોવરણ ક્ષીણ અને જીર્ણ થતું હોવાનું ધ્યાનમાં આવતાં એની સુરક્ષા અને જાળવણી અંગે ખુદ સર્વોચ્ચ અદાલતે ચિંતા સેવી છે અને અભિષેકના નવા નિયમો ઘડાયા છે. ક્ષારયુક્ત પાણીથી થતા રહેતા અભિષેકની શિવલિંગ પર પ્રતિકૂળ અસર થતી હોવાનું સાબિત થયું છે. વત્તાઓના પ્રમાણમાં પંચામૃતમાં સમાવિષ્ઠ દ્રવ્યો પણ એમાં રહેલા રસાયણોને કારણે લિંગના આકારને પ્રતિકૂળ અસર પહોંચાડી શકે છે. આ બધાનો તલસ્પર્શી અભ્યાસ કર્યા પછી દેશની સર્વોચ્ચ અદાલતે મહાકાલના જલાભિષેક અને પંચામૃત અભિષેક સંદર્ભે માર્ગદર્શક નિયમો મંજૂર કર્યા છે, જે મુજબ હવે પછી રિવર્સ ઑસ્મોસિસ (આર.ઓ.) મિનરલ વૉટર દ્વારા જ અને તે પણ નિર્ધારિત પ્રમાણમાં તથા નિર્ધારિત પ્રમાણમાં જ પંચામૃત દ્વારા અભિષેક કરી શકાશે. શ્રદ્ધા ક્યારેક અતિરંજિત થઈ જતી હોય છે ત્યારે તેની સામે આવી લાલબત્તી ધરવી જરૂરી બને છે. સુપ્રીમ કોર્ટનો આદેશ હોઈ એને રાજકીય રંગ પણ નહીં આપી શકાય. નહીંતર જો મધ્યપ્રદેશની લોકપ્રિય સરકાર દ્વારા આવો આદેશ કરાયો હોય તો શ્રદ્ધાળુઓ એનો વિરોધ કરવા રસ્તા પર ઊતરી આવ્યા હોત. પર્યાવરણ રક્ષણની દૃષ્ટિએ આપણે દેશનાં પવિત્ર ધર્મસ્થાનોમાં સ્વચ્છતા ઉપરાંત એમની પરંપરાગત પવિત્રતા જળવાઈ રહે, એનો પણ ખ્યાલ રાખવો જોઈએ. સવિશેષ તો દેશનાં હિંદુ મંદિરો માટે જલાભિષેક, પંચામૃત અભિષેક અને શ્રીફળના પાણીથી એટલી હદે ગંદા બની જાય છે કે ક્યારેક જે પંચામૃત થકી પવિત્ર શિવલિંગનો અભિષેક થયો હોય એને માથે ચઢાવતાં માથું ફાટી જાય એવી વાસ મારતી હોય છે. સુપ્રીમ કોર્ટનો આ આદેશ એ દૃષ્ટિએ અત્યંત મહત્ત્વનો બની રહેશે. આપણે આશા રાખીએ કે શ્રદ્ધાળુઓ માત્ર મહાકાલ પૂરતાં જ નહીં પરંતુ અન્ય દેવસ્થાનોની પવિત્રતા જાળવવાના મુદ્દે પણ જાગ્રત બનશે. ભગવાન મહાકાલ આવી વૈજ્ઞાનિક પર્યાવરણ સુરક્ષાના અગ્રદૂત બની સનાતન ધર્મનાં સઘળાં તીર્થસ્થાનો પર આશીર્વાદ વરસાવે એ જ અભ્યર્થના !

નવી શરતની ખેતીની જમીનનું વિલ કાયદેસર ગણાય : હાઈકોર્ટ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

કોઈ વ્યક્તિએ પોતાની સ્વપાર્જીત ખેતીની જમીન વિલથી સીધી લીટીના વારસદારો સીવાય અન્ય ખેડૂત વ્યક્તિની તરફેણમાં આપી મરણ પામેલ હોય ત્યારે તેવા વિલના આધારે તેવી જમીન વિલથી મેળવનાર પોતાનું નામ રેવન્યુ રેકર્ડમાં માલીક તરીકે દાખલ કરાવી વિલનો અમલ કરાવી શકે છે.

પરંતુ કોઈ વ્યક્તિ પોતાની સ્વપાર્જીત અને નવી શરતની ખેતીની જમીન અન્ય કોઈ ખેડૂત વ્યક્તિની તરફેમાં કરવામાં આવેલ હોય ત્યારે તેવું વીલ પણ કાયદેસરનું ગણાય છે.

નવી શરતની જમીન વેચાણ ગીરો વિભાજન અને તબદીલી ઉપર ગણોત ધારાની કલમ ૪૩ મુજબ પ્રતિબંધ મુકવામાં આવેલ છે નવી અને અવિભાજન શરતની જમીનની તબદીલી માટે કલેકટરશ્રીની પરવાનગી વગર થઈ શકે નહિ તેથી જયારે સીધી લીટીના વારસદારો સીવાય અન્ય કોઈ ખેડૂત વ્યક્તિને નવી શરતની વીલથી મળેલ હોય તો આવા કેસમાં વસીયત કરતા પ્રથમથી જ મૃત્યુ પામેલ હોવાથી આ માટેની પૂર્વ મંજુરી પરવાનગી મેળવવાનું શકય હોતું નથી તેથી આવી પરવાનગી વીલ કરતાના મૃત્યુ બાદ પાછળથી મેળવવામાં આવે છે. આવી પરવાનગી માટેની કાર્યવાહી વીલ જે દિવસે અમલમાં આવે તે દિવસથી શરૂ થયેલ ગણાય તેમજ વીલ કરતા મૃત્યુ પહેલા આવી પરવાનગી માટેની અરજી હોઈ શકે નહિ પક્ષકારોની પાશ્ચવર્તી અસરથી આપવામાં આવતી આવી અરજીને વીલ કરતાના મૃત્યુ બાદની તારીખથી અમલમાં ગણી તે મજુબ પ્રિમીયમ નક્કી કરવાની કાર્યવાહી મહેસુલ અધિકારીએ કરવી જોઈએ તેવો નિર્ણય નામદાર ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં આપી નિયમ પ્રસ્થાપિત કરેલ છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ કે વિવાદીત જમીન નવી શરતની જમીન છે તેમજ નવી શરતની જમીન અંગે વીલ થયેલ છે અને વીલ કરનાર ગુજરી ગયેલ હોવાથી આ અંગેની પૂર્વ મંજુરી પરવાનગી મેળવવી શકાઈ નથી તેથી આ માટે પાશ્ચર્તી અસરથી પરવાનગી મેળવવી અને આપવી જરૂરી બને છે આવી પરવાનગી માટેની કાર્યવાહી જે દિવસે વીલ અમલમાં આવે તે દિવસથી શરૂ થયેલ ગણાય તેમજ વીલ કરતાના મૃત્યુ પહેલાની કોઈ ક્ષણે આવી પરવાનગી માટેની અરજી હોઈ શકે નહિ પક્ષાકારોને પાશ્ચર્તી અસરથી આપવામાં આવતી આવી અરજીને વિલ કરતાની મૃત્યુની તારીખ બાદથી અમલ ગણી તે મુજબ પ્રિમિયમ નક્કિ કરવાની કાર્યવાહી મહેસુલી અધિકારીએ કરવી જોઈએ.

જયારે સીધી લીટીના વારસદારો સીવાય અન્ય કોઈ ખેડૂત વ્યક્તિને નવી શરતની જમીન વીલથી પ્રાપ્ત થયેલ હોય તો આવા કિસ્સામાં વીલ કરતા પહેલાથી જ મૃત્યુ પામેલ હોવાથી આ અંગેની પૂર્વ મંજુરી પરવાનગી મેળવવાનું શકય નથી. આવી પરવાનગી વીલ કરતાના મૃત્યુ બાદ પાછળથી મેળવી શકાય છે. આવી પરવાનગી માટેની કાર્યવાહી જે દિવસે વીલ અમલમાં આવે ત્યારે જ તે દિવસથી શરૂ થયેલ ગણાય અને વીલ કરતાના મૃત્યુ બાદની તારીખથી પ્રિમિયમની રકમ નક્કિ કરવાની થાય નવી શરતની જમીન એટલે ગણોતધારાની જોગવાઈઓ હેઠળની એવી કોઈ ખેતીની જમીન જે કલેકટરશ્રીની પૂર્વ પરવાનગી મંજુરી સીવાય અને રાજય સરકાર નક્કી કરે તેવી પ્રિમિયમની રકમ પણ સરકારને ચુકવણી કર્યા સીવાય વેચાણ બક્ષીસ પ્રિમિયમ ગીરો અથવા એસાઈમેન્ટથી તબદીલ કરી ના શકાય તેવી અથવા તબદીલ કરવા માટે લખાણ કરી શકે નહિ અને કલેકટરની પૂર્વ મંજુરી સીવાય આવી કોઈ જમીન અથવા તેમાં રહેતા હિત સબંધના ભાગલા પાડી શકાય નહિ તેવી જમીનો નવી શરતની જમીન તરીકે ઓળખાય છે નવી શરતની જમીન માટે ગણોત ધારા કલમ ૪૩ મુજબની જમીન અવિભાજન સત્તા પ્રકાર બીનતબદીલી પાત્ર સત્તા - પ્રકાર પ્રતિબંધીત સત્તા પ્રકાર વિગેરે શબ્દનો ઉપયોગ રેવન્યુ રેકર્ડમાં કરવામાં આવેલ હોય છે.

વીલ એકટ મુજબ કોઈપણ પ્રકારની સ્વતંત્ર મીલ્કતનું વીલ કોઈપણ વ્યક્તિ કોઈપણ ત્રાહિત વ્યક્તિને અથવા સીધીલીટીના વારસદારો સીવાયની વ્યક્તિને કરી શકે છે. વીલ રજીસ્ટ્રર કરવું જરૂરી નથી, ફરજીયાત નથી. વીલમાં સાક્ષીની હાજરીમાં વીલ કરતાએ સહી કરેલ હોવી જોઈએ સાક્ષી વીલ કરતાથી નાની ઉંમરની હોવી જોઈએ જેથી વીલ કરતાના મરણ બાદ પ્રોબેટ અરજીમાં સાક્ષી જુબાની આપી શકે વીલ રજીસ્ટ્રર કરવા કોઈ જ પ્રકારના સ્ટેમ્પની જરૂર નથી તેથી કોઈ વ્યક્તિએ સીધી લીટીના વારસદાર સીવાય ત્રાહિત વ્યક્તિની તરફેણમાં નવી શરતની ખેતીની જમીનનું વીલ પણ કાયદેસરનું ગણાય છે.

હાસ્ય દ્વારા ઉમંગ, આશા, ઉત્સાહ, સ્નેહ અને સૌમ્યતાનું સુમધુર વાતાવરણ સર્જાય છે

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

કંઈક યાદો લઈ અને વીત્યું વરસ
જોત જોતામાં નવું આવ્યું વરસ
હાસ્ય આવ્યું, તો ભીંજાઈ આંખ પણ,
ને ફરીથી સ્વપ્ન કંઈ લાવ્યું વરસ.

- નયન દેસાઈ

નવું વર્ષ આવ્યું અને સૌ ફરી એકવાર પોતાના રોજિંદા કામકાજમાં વ્યસ્ત બની ગયા. તહેવારો એ નિરસ અને કંટાળાજનક જીવનમાં એક રંગ ઉમેરી દે છે અને માટે જ આપણે સૌ ચહેરા પર એક નવા સ્મિત સાથે જિંદગીના સંઘર્ષો સામે લડવા માટે કટિબદ્ધ થઈ જઈએ છીએ. કુદરતે સમગ્ર જીવસૃષ્ટિમાં કેવળ માણસને જ હસવાની અણમોલ ભેટ આપી છે. હાસ્ય એ એક સ્ફૂર્તિદાયક અને શક્તિદાયક કુદરતી ઔષધ છે. જયારે મન મૂંઝાય કે તનમાં તકલીફ હોય કે નિરાશા અને હતાથાશી ચારેકોર ઘેરાઈ જવાયું હોય ત્યારે તમે આ રામબાણ ઔષધિનો પ્રયોગ કરો. આંખ અને કાન ઉઘાડા રાખી, રોજબરોજ બનતા પ્રસંગોમાંથી આ અદ્‌ભૂત ઔષધિને ગોતતા રહો. અને એ જ પ્રસંગોને કલ્પનાશક્તિથી સજાવીને મિત્રો અને સ્નેહીઓમાં એ હાસ્યની લહાણી કરો. વાતનું વતેસર તો સૌ કરે, ચાલો આપણે હવેથી હાસ્યનું વાવેતર કરીએ !

શ્રી ગંગાજી શેઠિયા લખે છે તેમ, 'મનોવૈજ્ઞાનિકો મતે રોગો ઉત્પન્ન થવાનું મૂળ કારણ ઘૂંટાયેલી હતાશા છે. હાસ્ય દ્વારા મનનો બધો જ તણાવ દૂર થઈ જાય છે. સાથે સાથે શરીરનાં અંગોપાંગો અને માંસપેશીઓને પણ એ બિનજરૂરી દબાણમાંથી મુક્ત કરે છે. થાક ધીરે ધીરે દૂર થવા લાગે છે ને સ્ફૂર્તિનો સંચાર થાય છે.' ડૉક્ટરો પણ કહે છે કે વૈજ્ઞાનિક દૃષ્ટિએ સિદ્ધ થયું છે કે હસવાથી શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ વધે છે, રૂધિરાભિષરણની પ્રક્રિયા સારી રીતે થાય છે. શ્વાસનળી અને ફેફસામાં ભરાઈ રહેલો જૂનો કફ નીકળી જાય છે. ફેફસાંની ઑક્સિજન લેવાની શક્તિ ચારથી છ ગણી વધે છે. હસવાથી છાતી અને પેટ વચ્ચે રહેલ ઉદરપટલ, આંતરડાં, લીવર, પેનક્રિયાઝ, જડબાં, પેટ અને બરડાના સ્નાયુઓ પહેલાં ખેંચાય છે અને પછી સંકોચાય છે. સ્નાયુઓને ઑક્સિજન-યુક્ત શુદ્ધ લોહી મળતાં તેમની કાર્યક્ષમતા વધે છે. હૃદય પણ મજબૂત બને છે. પ્રદૂષિત શહેરી હવામાનમાં ગળા અને ફેફસાંના રોગો સામાન્ય છે. હાસ્ય દ્વારા ફેફસાં તથા શ્વાસનળીને વ્યાયામ મળતાં શ્વસનતંત્ર સુચારુરૂપે કામ કરે છે. અસ્થમાના રોગો માટે હાસ્યની આ નિર્દોષ કસરતો એ રામબાણ ઈલાજ છે. ખડખડાટ હસવાથી લિમ્ફોસાઈટીસ, ઈન્ડોર્ફિન્સ અને એનેફેફેલિન્સના દર્દમાં રાહત મળે છે અને મન પ્રસન્નતા અનુભવે છે.

હસવાથી યાદશક્તિ સુધરે છે. સાંધા અને સ્નાયુઓના દુઃખાવામાં ઘણી રાહત મળે છે. ચહેરાની કાંતિ વધે છે. લોહીમાં રક્તકણો વધે છે. ચહેરાની ચામડીના સ્નાયુઓની સ્થિતિસ્થાપકતા વધે છે અને ચહેરો ચુસ્ત થાય છે. હાસ્યથી પેટના નાજુક અવયવોને કસરત મળતાં પાચનશક્તિ સુધરે છે. હાઈ બ્લડપ્રેશર, ટેન્શન, ડિપ્રેશન, નર્વસ બ્રેકડાઉન, અસ્થમા અને અનિદ્રા જેવા રોગોમાં હાસ્ય એક અત્યંત ઉપયોગી સારવાર પુરવાર થઈ શકે છે. હાસ્ય પર વિશ્વભરમાં વિવિધ સંશોધનો થયાં છે. નેશનલ કેન્સર ઈન્ટિટયુટ (અમેરિકા)ના જર્નલમાં એક રિપોર્ટ છપાયો છે અને આ મુજબ ૧૦ દર્દીઓને સતત એક કલાક હાસ્યસભર વીડિયો - ટેપ બતાવવામાં આવી. જેમ જેમ દર્દીઓ હસતા ગયા તેમ તેમ દર્દીઓની રોગપ્રતિકારક ક્ષમતા વધવા લાગી. એમની લાળમાં સંક્રમણ વિરોધી પ્રોટીન વધ્યું હતું. ઈન્ટરફેરીન ગામા નામના ફોર્મોનનું પ્રમાણ પણ વધ્યું જે હીલીંગ કેમિકલ ગણાય છે. દર્દીઓ તાણ અનુભવે છે તે એપીનેફ્રીન હોર્મોનનું પ્રમાણ ઘટ્યું અને સાથે સાથે કુદરતી પીડાનાશક ઈન્ડોર્ફિન્સ અને ફેફેલિન્સનું પ્રમાણ વધ્યું હતું. અમેરિકનન પત્રકાર અને લેખક નોર્મન કઝન્સને ટુમેટોઈડ આર્થરાઈટીસ નામનો અસાધ્ય રોગ થયો હતો. આધુનિક વિજ્ઞાન પાસે એ રોગની કોઈ જ દવા ન હતી; એના અંગોપાંગો જકડાવા લાગ્યાં હતા. પછી એણે સૂતા-સૂતા થોકબંધ કોમેડી ફિલ્મો જોઈ, દિવસભર ખડખડાય હાસ્ય એ કરતા રહ્યા. ફક્ત વિટામીન-સી ની ગોળી અને ખડખડાટ હાસ્ય દ્વારા એ સંપૂર્ણ સાજા થયા અને એની ફળશ્રુતિ રૂપે જગતને બે સુંદર પુસ્તકની ભેટ એમણે આપી. 'એનેટોમી ઑફ એન ઈવનેસ' અને 'બાયોલોજી ઑફ હોપ' હાસ્ય ચિકિત્સા-પદ્ધતિ અંગે સંશોધનો કરવા વિશ્વને પ્રેરણા આપતાં પુસ્તકો ગણાય છે.

આપણે ત્યાં લાફીંગ કલબનો ટ્રેન્ડ આજકાલ ઘણો પ્રચલિત બન્યો છે. જાપાનમાં કહેવત છે કે, 'હસવામાં જેટલો સમય ગાળ્યો, તેટલો ઈશ્વરની સમીપે, વિતાવ્યો.' ખરેખર, ખડખડાટ હાસ્ય કરતી વખતે માણસના હૃદય અને મન બાળક જેવાં નિખાલસ હોય છે. એ વખતે કોઈ પણ સારા-નરસા વિચારો મનમાં પ્રવેશી શકતા નથી. ધ્યાન ધરતી વેળા મનને નિર્વિચાર અવસ્થામાં લઈ જવામાં ખડખડાટ હાસ્ય ખૂબ મદદરૂપ થાય છે. ભરતમુનિના કથન પ્રમાણે 'અથર્વવેદ' માંથી જે ચાર રસ દર્શાવાયા છે તેમાં સર્વશ્રેષ્ઠ હાસ્યરસને માનવામાં આવે છે. કારણ કે હાસ્યરસ જન્મથી મૃત્યુપર્યંત સાથ આપે છે, હાસ્યરસ ફક્ત આપણને પોતાને જ નહીં પરંતુ આપણા સંપર્કમાં આવનારા બધા લોકોને પ્રફુલ્લિત કરે છે. હાસ્ય દ્વારા ઉમંગ, આશા, ઉત્સાહ, સ્નેહ અને સૌમ્યતાનું સુમધુર વાતાવરણ સર્જાય છે. સ્વામી આધ્યાત્માનંદજીએ હાસ્યને એક આખેઆખી પ્રાર્થના સમર્પિત કરતાં લખ્યું છે :

॥ શ્રી હાસ્ય દેવાય નમ: ॥
હાસ્યં બ્રહ્મા, હાસ્યં વિષ્ણુર, હાસ્ય દેવો મહેશ્વર: ।
હાસ્યં સાક્ષાત પર બ્રહ્મ, તસ્મૈ શ્રી હાસ્યાય નમ: ॥
યા દેવી સર્વભૂતેષુ હાસ્યરૂપેણ સંસ્થિતા ।
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ હાસ્ય દેવ્યૈ નમો નમ: ॥

- nehalgadhavi101@gmail.com

કહ્યાગરી બ્યૂરોક્રસી ઝંખતા રાજકીય શાસકોને સરદાર પટેલની શીખામણ માફક ના આવે

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

હમણાં ઉપરાષ્ટ્રપતિ વૅંકૈયા નાયુડુએ હૈદરાબાદમાં મારી ચન્નારેડ્ડી હ્યુમન રિસોર્સ ડેવલપમેંન્ટ ઈન્સ્ટિટ્યુટ ખાતે અખિલ ભારતીય સનદી સેવાના અધિકારીઓને સંબોધનમાં આઈએએસ (ઈંડિયન ઍડમિનિસ્ટ્રેટિવ સર્વિસ)ના સંસ્થાપક અને દેશના પ્રથમ નાયબ વડા પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલના આદર્શોના અનુસરણની સલાહ આપી. સરદાર પટેલનો સત્તાવાર ઊજવાતો જન્મદિવસ ૩૧ ઓક્ટોબર છે. હકીકતમાં વલ્લભભાઈએ મૅટ્રિકની પરીક્ષા માટેનું અરજીપત્રક ભરતી વખતે ''ઠોકી દીધેલી'' જન્મતારીખ ૩૧ ઑક્ટોબર ૧૮૭૫ છે, પણ એમનું જીવનચરિત્ર લખનાર ઈતિહાસવિદ રાજમોહન ગાંધીએ તેમની સાચી જન્મતારીખ ૩૦ એપ્રિલ ૧૮૭૬ કે ૭ મે ૧૮૭૬ ગણાવી છે. આઝાદીના ઉષાકાળે નવી દિલ્હીના મૅટકાફે હાઉસમાં ૨૧ એપ્રિલ ૧૯૪૭ના રોજ સરદારે આપેલા વ્યાખ્યાનનું સ્મરણ સનદી સેવકોને કરાવવું યોગ્ય થઈ પડશે. ભારતભરમાં ૨૧ એપ્રિલને આઈએએસના સ્થાપના દિવસ તરીકે મનાવાય છે અને સત્તાધીશો એ દિવસ નિમિત્તે ભવિષ્યના સનદી અધિકારીઓને ઉપદેશ કરવામાં ભાગ્યે જ કોઈ મણા રાખે છે. ઉપરાષ્ટ્રપતિ વૅંકૈયા નાયડુએ તેલંગણની રાજધાની હૈદરાબાદમાં સરદારનું સ્મરણ કરીને એમનાં કેટલાંક વાક્યો ટાંક્યાં અને કહ્યું કે ભવિષ્યના સનદી અધિકારીઓએ ''પ્રજા પ્રત્યે સહાનુભૂતિ જાળવીને, પોતાની શ્રેષ્ઠ ક્ષમતા દાખવી, તટસ્થતાપૂર્વક અને ભ્રષ્ટાચારથી મુક્ત રહીને રાષ્ટ્રના હિતમાં સદૈવ કાર્યરત રહેવું જોઈએ.'' સંયોગવસાત્ વર્તમાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે ૨૧ એપ્રિલ ૨૦૧૩ના રોજ લખેલા બ્લૉગને વાંચવાનું થયું. એમણે સરદાર પટેલના રાષ્ટ્રીય એકતાના પ્રયાસોને અનુસરવાની સાથે જ લોકતાંત્રિક વહીવટી માળખામાં રહીને સનદી સેવકો દેશના હિતમાં કામ કરે એવી અપેક્ષા કરી હતી. સનદી સેવકોવાળા એમના બ્લૉગમાં તેમણે કૉંગ્રેસના વડપણ હેઠળની યુપીએ સરકારની ટીકા તો કરી હતી, પરંતુ બ્રિટિશ રાજ વખતે સનદી સેવકો (આઈસીએસ અધિકારીઓ) અને આઝાદી પછીના કાળમાં સનદી સેવકો (આઈએએસ અધિકારીઓ)ની ભૂમિકામાં આવેલા પરિવર્તનને તાજું કર્યું હતું.

આઈએએસ સંસ્થાપક અને દેશી રજવાડાંના એકીકરણના પ્રણેતા એવા પ્રથમ ગૃહપ્રધાન સરદાર પટેલે ભારતીય સનદી સેવા (આઈએએસ)ની પ્રથમ બૅચના પ્રૉબેશનર્સ સમક્ષ જે માર્ગદર્શિકા રજૂ કરી હતી; એને ગુજરાત સરકારના મુખ્ય સચિવ રહેલા પ્રવીણ કનુભાઈ લહેરી 'પ્રત્યેક સનદી અધિકારી માટે ગૂંજે બાંધવા જેવી' ગણાવે છે.સરદાર થકી ૨૧ એપ્રિલ ૧૯૪૭ના એ વ્યાખ્યાનમાં ત્રણ બાબતો પર ભાર મૂકાયો હતો: એક, ભારતીય શાસન વિદેશીને બદલે સ્વદેશીઓના હાથમાં આવે છે. બીજું, ભારતીય સનદી સેવા સંપૂર્ણપણે સ્વદેશી એટલે કે ભારતીયોના અખત્યાર હેઠળ મૂકાય છે. ત્રીજું, સનદી સેવા હવે સ્વદેશી હિતની સુરક્ષા માટે ખરા અર્થમાં ભારતીય સેવા કરવા માટે મુક્ત બની રહેશે અને ભૂતકાળનો અનુભવ આડે આવશે નહીં. સરદારના વડપણ હેઠળ ભારતીય સનદી સેવાને દેશના હિતના ખરા અર્થમાં સંરક્ષક (કસ્ટોડિયન) ગણાવવાનું નક્કી થયું હતું. ભૂતકાળમાં બાબુશાહી અને સાહેબગીરીની પરંપરા બ્રિટિશ માલિકોના માલિકીના ભાવમાંથી પ્રગટી હતી, એમાંથી નવી સનદી સેવા મુક્ત થાય એવી સરદારને અપેક્ષા હતી. જોકે, હજુ આજે પણ ભારતીય સનદી સેવાના અધિકારીઓ પેલા 'પ્રજાના સેવક બની રહે' એ સંકલ્પમાં ઝાઝી સફળતા મળી નથી. હજુ પણ તેઓ પ્રજાના માલિક હોય એ રીતે પ્રજાના પ્રતિનિધિઓ આવેદનપત્ર આપવા આવે ત્યારે બેઠાં બેઠાં જ એને સ્વીકારવાની મોટાઈ દાખવે છે. પ્રજાના કરમાંથી પગાર મેળવનારા આઈએએસ અધિકારીઓ જ નહીં, જિલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીઓ પણ આવી જ મોટાઈ અને શેઠાઈ જાળવે છે. રાજનેતાઓ એમને વિવેક શીખવવા જેટલા વિવેક દાખવનાર રહેવાને બદલે 'ભાગીદાર' બની ગયા છે. પોતાને લાભ કરાવનાર સત્તાધીશો સમક્ષ લળીલળીને જીહજૂરી કરનારા સનદી અધિકારીઓ પ્રજાના પ્રશ્નોને ત્વરાથી ઉકેલવાની સંવેદના હજુ સુધી કેળવી શક્યા નથી. થોડાક રાજકીય શાસકોને સાચવી લઈને કે એમની સાથે આર્થિક ભાગીદારી કરીને, પ્રજાવિરોધી નિર્ણય લેવામાંય સંકોચ નહીં કરનારા અધિકારીઓ અને એમના મળતિયા શાસકો સવાર-સાંજ સરદાર પટેલનું નામ લેવાની વિધિ જાળવે છે; પણ સરદારના આદર્શો કે સાદગીનું આચરણ કરવાનું એ બધા વીસરી ગયા છે. અહીં કૉંગ્રેસ કે ભાજપ કે અન્ય પક્ષના રાજકીય શાસકો વચ્ચેનો ભેદ પણ લુપ્ત થઈ ચૂક્યો છે.ગરિમા, નિષ્ઠા અને ભ્રષ્ટાચારમુક્તિ ઉપરાંત શાસન-પ્રશાસનમાં સંબંધિતોની ગરિમા જળવાય, નિષ્ઠા સચવાય અને પ્રજા પ્રત્યે સહાનુભૂતિ દાખવીને જનહિતના પ્રશ્નો ત્વરાથી તથા ભ્રષ્ટાચાર આચર્યા વિના ઉકેલાય, એ દિશામાં બ્યૂરોક્રસી કાર્યરત રહે, તેવી શીખ સરદારે ગૂંજે બંધાવી હતી. બ્યૂરોક્રસી પ્રજા પ્રત્યે સંવેદના ધરાવતી હોય અને રાજકીય પક્ષાપક્ષીથી પર રહે એ સરદારનો મુખ્ય મંત્ર હતો.

જોકે, વર્તમાન સંજોગોમાં તો ક્યારેક સત્તાપક્ષ અને બ્યૂરોક્રસીમાં મહત્ત્વના હોદ્દે બેઠેલાઓ એકાકાર થઈ જાય એવું જોવા મળે છે ત્યારે તટસ્થપણે નિર્ણય લેવાની અપેક્ષા ધૂળમાં મળવી સ્વાભાવિક છે. ''તમે કોઈ અનપેક્ષિત લાભ ખાટીને કોઈની તરફેણમાં નિર્ણય નહીં કરતા'' એવી સ્પષ્ટ વાત સરદારે કરી હતી. જોકે, ઉદ્યોગ ગૃહોની લૉબીમાં રાજકીય પક્ષોના નેતાઓ, શાસકો, બ્યૂરોક્રેટ્સ અને જનપ્રતિનિધિઓના હિતમાં કાર્ય કરનાર મનાતાં સંગઠનો પણ જોડાવામાં હરખ અનુભવતાં હોય એવાં દૃશ્યો